# Strategic Media Services

**Public Relations and Communication Firm**

| Publication | Ahmedabad Samachar | Edition | Ahmedabad |
|---|---|---|---|
| Date | 13 Oct '09 | Page Number | 02 |

**અમદાવાદ સમાચાર**

ઓક્ટોબરમાં ભારત- ઓસ્ટ્રેલિયા વન-ડે સીરીઝ

# નીયો ક્રિકેટ તેની ડાયલ-ઈન સેશન દ્વારા હરભજનસિંઘને તેના પ્રશંસકોની નજીક લઈ જશે

અમદાવાદ

નીયો સ્પોર્ટસ બ્રોડકાસ્ટ પ્રા.લિ. દ્વારા આજે તેની ભારતના ઉત્કૃષ્ટ ક્રિકેટર હરભજનસિંઘ સાથેની અમદાવાદ ખાતે ડાયલ-ઈન સેશનની ઘોષણા કરી રહ્યું છે. તેનું જીવંત પ્રસારણ આજે સાંજે ૭થી ૭.૩૦ વાગ્યા દરમ્યાન એમએસઓ નેટવર્ક ઉપર થશે, જેમાં હરભજનના પ્રશંસકો તેની સાથે ઈન્ટરએક્ટ કરી શકશે.

આ પ્રસંગે નીયો સ્પોર્ટ્સ બ્રોડકાસ્ટ પ્રા.લિ.ના માર્કેટિંગ એન્ડ કોમ્યુનિકેશન્સ વડા શ્રી અભિષેક વર્માએ કહ્યું હતું કે ડાયલ ઈન સેશન દ્વારા અમને અમારા દર્શકોને તેમના મનપસંદ ક્રિકેટરો સાથે જોડવાની તક પ્રાપ્ત થઈ છે. જ્યારે જ્યારે સેલ્સ એન્ડ પ્લેટફોર્મના પ્રેસીડન્ટ એફિલિયેટ શ્રી અરૂણ પોદ્દારે જણાવ્યું હતું કે ક્રિકેટ માટે ગુજરાત એક મહત્ત્વપુર્ણ માર્કેટ છે અને ગુજરાતને અમારી બ્રાન્ડની વધુ નજીક લાવવા માટેનો સારામાં સારો માર્ગ અમારા બ્રાન્ડ એમ્બેસેડર હરભજનસિંઘને તેમની નજીક લઈ જવાનો છે. અમારા સહયોગી જીટીપીએલ અમદાવાદે અમને ગુજરાતના મોટાભાગના વિસ્તારો સુધી પહોંચવા માટે ખુબ સાથ આપ્યો છે. ડાયલ ઈન સુવિધાથી અમને આ અમારા દર્શકો સુધી સીધા જ પહોંચવામાં મદદ મળશે અને ગુજરાતને રોમાંચક એવી ક્રિકેટની રમત સાથે જોડી શકાશે.

છેલ્લાં કેટલાંક સપ્તાહોથી એમએસઓ અને તેના વિવિધ ઓપરેટર્સ દ્વારા હરભજનની ડાયલ ઈન સેશન માટે નંબરો આપવા અને કોલ કરવા અંગેની માહિતી આપતા પ્રોમોઝ રજૂ કરવામાં આવી રહ્યા છે. હરભજનના પ્રોમો ફિલ્મો, સમાચારો, સ્થાનિક કાર્યક્રમો વગેરેની વચ્ચે દર્શાવવામાં આવતા હતા તેમજ સ્થાનિક રેડિયો સ્ટેશન ઉપર પણ રજુ કરાતા હતા. ચેનલ પર ૯ મહિના સતત ક્રિકેટ સેશન દર્શાવનાર ચેનલે સહારા બીસીસીઆઈ કોર્પોરેટ ટ્રોફીથી શરૂઆત કરી હતી. જેના પછી ઓક્ટોબરમાં ભારત- ઓસ્ટ્રેલિયા વન-ડે સીરીઝ, નવેમ્બર- ડિસેમ્બર- ૦૯માં ભારત-શ્રીલંકા વચ્ચેની ક્રિકેટ સીરીઝ, જાન્યુઆરી ૨૦૧૦માં ભારત, શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચે ત્રિકોણીય ક્રિકેટ જંગ અને ફેબ્રુઆરી- માર્ચ ૨૦૧૦ દરમ્યાન ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચેની ક્રિકેટ સીરીઝ દર્શાવાશે. સતત ૯ મહિના સુધી ક્રિકેટનું પ્રસારણ કરનાર નીયો સ્પોર્ટ્સ બ્રોડકાસ્ટને નં.૧ સ્પોર્ટસ ચેનલ કોર ૫ પરનું બહુમાન પ્રાપ્ત થયું છે.